## – : આંક – ૧ થી વિલંબ માફની અરજી લગત હુકમ : –

૧. વાદી (અરજદાર) એ હાલની અરજી લીમીટેશન એકટની કલમ – ૫ હેઠળ અરજી દાખલ કરી અને દાદ માગેલ છે કે, **રે.દી.મુ. નં.૩૧/૨૦૦૭ ની રી–સ્ટોરેશન ની અરજીમાં ૯ વર્ષ અને ૯ માસ અને ૧૫, દિવસનો વિલંબ થયેલ હોઈ જે માફ કરી આપવા અરજ કરે છે.**

૨. વાદી (અરજદાર) તરફે, મુખ્ય કથન અને દલીલ છે કે, અરજદાર હાલનો દાવો પુરાવાના સ્ટેજ હતો તે દરમિયાન સદર દાવામાં અરજદાર વાદીએ રોકેલ એડવોકેટ જી.એમ.પટેલ સાહેબ ભિલોડા કોર્ટની દાવાની કાર્યવાહી સંભાળતા હતા અને તેઓ વાદીઓના પિતાશ્રી જાણ કરેલ નહી અને સદર કામે વાદીઓના પિતા ઉમંર લાયક અને બીમારીના કારણે તા.૨૯/૧૧/૨૦૦૯ ના અરસામાં અવશાન પામેલા અને તેઓની વિધિ તેમજ વાદીઓ ધંધા અર્થે અન્ય જગ્યાએ જતા રહેલા હોય જેથી સદર દાવો ક્યાં સ્ટેજ ચાલે છે તેની કોઈ માહિતી તેઓના વકીલશ્રીએ આપેલ નહી કે કોઈ જાણ કરેલ નહી જેથી સદર દાવો ક્યાં સ્ટેજ ચાલે છે તે અંગે વાદીઓએ તેઓના વકીલશ્રી નો સમ્પર્ક વર્ષ ૨૦૨૦/૨૧ માં કરતા વાદીઓ ના જાણવા મળેલ કે, તેઓનો દાવો નામદાર કોર્ટ દ્વારા કાઢી નાખવામાં આવેલ છે. પરંતુ, વાદીને દાવાના કામે હાજર રહેવાની જરૂરીયાત હોવાની સંપૂર્ણ માહિતી મળેલ ન હોવાના કારણસર તેમજ વકીલશ્રી કે વાદીને જાણ કરેલ ના હોઈ તેઓ કોઈ જુનીયર કે અન્ય વ્યક્તિઓને દાવાનું કામ સોપેલ નહી અને વાદીના વારસદારોને પણ માહિતીન હોવાના કારણે નામદાર કોર્ટમાં હાજર રહી પુરાવા રજુ કરી શકેલા નહી જેના અભાવે નામદાર કોર્ટ સદર તા.૩૦/૦૯/૨૦૧૫ ના રોજ ડીસમીસ કરવાનો હુકમ કરલે છે.

3. વધુમાં, વાદીનો (અરજદાર),દાવો ડીસમીસ થતા દાવો ઓપન કરવા સારૂ અરજ ગુજરેલ છે પરંતુ કાયદાકીય જોગવાઈઓ મુજબ સદર દાવો ડીસમીસ કર્યા પછી નિયત સમય મ્ર્યાદમાં રીસ્ટોરેશનની અરજી કરલે ન હોઈ સદર દાવો

રીસ્ટૉરેશનની અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે અરજ ગુજરેલ છે.

વધુમાં, વાદીની દલીલ છે કે, દાવો પુરાવા ઉપર હોવા છતાં તે અંગેની જાણ તેઓના વકીલશ્રી દ્વારા ખુબજ લાંબા સમય સુંધી તેઓને કરેલ ન હોઈ તથા તેઓના એડવોકેટ દાવાનું પુરાવા માટેની હાજરીની જરૂરિયાત હોવા છતાં વાદી અભણ હોઈ અને કાયદાકીય અજ્ઞાનતાના કારણે જાણકારી મળી શકેલ ન હોઈ તથા તેઓના પિતાશ્રી મરણ ગયેલ હોય નામદાર કોર્ટમાં હારજ રહી શકેલ નહી અને જેમાં અરજદારનો કોઈ જ વાંક કસુર ન હોય તેઓના વકીલશ્રી એ તેઓને તથા તેઓના પિતાશ્રીને જાણ કરેલ ન હોય વાદીઓને કાયદાકીય અજ્ઞાનતા ના કારણે સદર દાવો ડીસમીસ થયેલ છે. સદર દાવો તા.૩૦/૦૯/૨૦૧૫ ના રોજ ડીસમીસ થયેલ હોવાનું પ્રથમવાર જાણકારી મળતા સદર અરજી જાણી બુઝીને વિલંબ થી કરલે નથી કે, નિષ્કાળજી થી કરલે નથી. પરંતુ અરજદારને સાચી માહિતી ન મળવાના કારણે સદર દાવો ડીસમીસ થયેલ છે. જે જોતા હાલની વિલંબ માફ ની અરજી મંજુર કરવા દલીલ અને અરજ ગુજરેલ છે.

૪. વાદી (અરજદાર) ની અરજી સામે પ્રા.વાદી (સામાવાળા) તરફે આંક – ૧૦ થી તથા આંક – ૧૧ થી લેખિત જવાબ કમ વાંધા જવાબ રજુ થયેલ છે. અને પ્રા.વાદીઓ તરફે મુખ્યત્વે તકરાર અને દલીલ છે કે, વાદીઓની દાવો રીસ્ટોર અરજીની હકીકતો જોવામાં આવે તો તેઓં માત્ર વકીલશ્રી નું ભાનુ કાઢી હાલની અરજી કરવામાં વિલંબ થયેલ હોઈ તેવું જણાવી વિલંબ સાથે અજી દાખલ કરલે છે. પરંતુ તેઓને ક્યા કારણસર ચોક્કસ વિલંબ થયેલ તે બાબત જણાવેલ નથી. કારણ કે, જયારે દાવો સને – ૨૦૦૭ માં દાખલ કરેલ હોય અને સને – ૨૦૧૫ માં ડીસમીસ કરવામાં આવેલ છે અને તેમના પિતા પણ સને – ૨૦૦૯ માં અવશાન પમેલ છે. તેમ છતાં તેમના પિતાના અવસાન બાદ પણ છ વર્ષ સુંધી સદર દાવો નામદાર કોર્ટમાં ચાલેલ છે. તેમ છતાં તેઓએ તે બાબતે કોઈજ તસ્દી લીધેલ નથી જયારે પક્ષકારે દાવો દાખલ કરલે હોય તો તેને પણ જાતે કોર્ટમાં આવી તપાસ કરવી પડે અને તેમના વકીલશ્રીનો સમ્પર્ક કરવો પડે પરંતુ સદર કામે હાલના વાદીઓએ તેવી કોઈજ કાર્યવાહી કરલે નથી

અને દાવો ડીસમીસ થયા બાદ એટલે કે ૧૦ વર્ષ બાદ અચાનક તેઓને જાણ થયેલ હોય તે રીતે દર્શાવી તદ્દન ખોટી હકીકતો ઉભી કરી હાલની રીસ્ટોરની અરજી કરલે હોઈ જેથી તે માનવાને લાયક ન હોય તેથી પણ તેમની રીસ્ટોરની અરજી રદ કરવા અરજ કરેલ છે.

**૭.** ઉપરોક્ત મુજબની બન્ને પક્ષકારોની રેકર્ડ પરની હકીકત તથા દલીલો ને લક્ષે લેતા સાથે, રેકર્ડ પર રજુ થયેલ બન્ને પક્ષકારોનો આધારો ને ધ્યાને લેતા, અરજીના કામે નીચે મુજબનો મુદા નિર્ણય કરવાના થાય છે.

**મુદા : –**

(૧) શું વાદી (અરજદાર) ની અરજી ને સમય મર્યાદાના કાયદાની કલમ – ૫ હેઠળ મંજુર થવા પાત્ર છે ?

(૨) શું વાદી નો વિલંબ થયેલ છે તે શુદ્ધ બુધિ પૂર્વકનો વિલંબ થયેલ છે ?

(૩) શું હુકમ ?

૮. ઉપરોક્ત મુદાના કામે અત્રેની કોર્ટના નિર્ણય નીચે મુજબ છે.

**નિર્ણય : –**

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) અરજી ખર્ચ સહીત રદ.

**૯. ઉપરોક્ત મુદાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.**

ઉપરોક્ત મુદા નં. ૧ થી ૨ ના નિર્ણય માટેના કારણો લક્ષે લેતા પહેલા સમય મર્યાદાના કાયદા ની કલમ – ૫ અહી ધ્યાને લેવી અતિ આવશ્યક છે. જે નીચે દર્શાવ્યા મુજબ છે.

**Section : 5. Exftension of prescibed period in certain cases :** Any appeal or any application, other than an application under any of the provisions of Order XXI of the Code of Civil Procedure, 1908 (5 of 1908), may be admitted after the prescribed period, if the appellant or the applicant satisfies the court that he had sufficient cause for not preferring the appeal or making the application within such period.

**Explanation :** The fact that the appellant or the applicant was misled by any order, practice or judgment of the High Court in ascertaining or computing the prescribed period may be sufficient cause within the meaing of this section.

૧૦. વધુમાં, **Periods of Limitation (Section 2(j) & 3) Third Devision – Applications.** ધ્યાને લેવામાં આવે તો, –

| **Description of application** | **Period of Limitation** | **Time from which period begins to run** |
|---|---|---|
| To restore a suit or appeal or application for review or revision **dismissed fro default** of apprearance or for want of prosecution or for failure to pay costs of service of process or to furnish security for cost. | **Thirdy Days** | **The date of Dismissal**. |

**૧૧.** હાલની અરજી, ઉપરોક્ત જોગવાઈ ઓને લક્ષે રાખી નિણર્ય કરવાની થતી હોઈ, મુદા નં. ૧ અને ૨ ના નિર્ણય હેતુ, બન્ને પક્ષકારોએ રજુ કરેલ પ્લીડિંગસ અને, દલીલો તથા રજુ દસ્તાવેજી પુરાવા લક્ષે લેતા, બન્ને મુદાનો નિર્ણય એકની એક હકીકતનું પુનરાવર્તન ટાળવા હેતુ અહી, એક સાથે નિર્ણય ના કારણો દર્શાવેલ છે. હાથ પરના કેસમાં વાદીની મુખ્ય વિલંબમાફની રજૂઆત છે કે, દાવો તા.૩૦/૦૯/૨૦૧૫ ના રોજ વાદીનો દાવો પુરાવાના સ્ટેજ પર હોઈ અને પુરાવો તેઓના પિતાશ્રી બીમાર અને વ્યોવુર્દ્ધ હોઈ અને તેઓ તા.૨૮/૦૨/૨૦૧૩ ના રોજ ગુજરી ગયેલ હોઈ અને, તેઓના હાલના વારસદાર ધંધા અર્થે બહાર ગામ રહેતા હોઈ, તે સંજોગોમાં નામદાર કોર્ટ દ્વારા વાદી દાવો ચલાવવામાં રસ ના હોઈ તેમ અનુમાન કરી નામદાર કોર્ટ દ્વારા દાવો કાઢી નાખવાનો હુકમ કરલે છે. જે હુકમ વાદીના વડીલ મર્હુમ મૂળ વાદી, રતિલાલ પોપટલાલ ગાંધી તા.૨૮/૦૨/૨૦૧૩ નારોજ ગુજરી ગયેલ હોઈ તેઓના મરણ નો દાખલો નિશાની – ૩/૧ થી રજુ કરેલ છે. વધુમાં, તેઓના વારસો અંગે રેકર્ડ પર ની હકીકત ધ્યાને લેવામાં આવે તો, નિશાની – ૩/૨ થી મૂળ વાદી નં. ૧ સાથે અન્ય બીજા ૪ વાદીઓ દાવા અરજીમાં દર્શાવેલ છે જે વાદીના સબંધે બહેનો થતા હોઈ તેવી જણાઈ આવે છે. સાથે, નિશાની ૩/૩ થી મૂળ વાદી નં. ૧ નું પેઢી નામું રજુ થયેલ છે અંત એઓના કુલ્લ – ૫ સીધી લીટીના વારસો હોઈ તથા હાલની અરજી આંક – ૧ અને ૨ માં વાદીઓની હકીકત ધ્યાને લેતા, મૂળ વાદી નં. ૧ ના વારસો ૧/૧ થી ૧/૫ તથા મૂળ વાદી નં. ૨ના વરસો ૨/૧ થી ૨/૨, તથા મૂળ વાદી નં. ૩ ના વારસો ૩/૧ થી ૩/૨ તથા મૂળ વાદી નં. ૪ ને અરજીના કામે વાદી તરીકે જોડીને હાલની અરજી દાખલ કરલે છે. જે જોતા મૂળ દાવાઅરજી ના કામે જેતે સમયે કુલ – ૪ વાદીઓ હતા અને સમયાંતરે તેઓના મૂળ વાદી નં. ૧ થી ૩ ના ના અવસાન થતા અન્ય તેઓના સીધી લીટીના વારસો રેકર્ડ પર જોડીને હાલની અરજી કરવામાં આવેલ છે.

**૧૨.** દાવા અરજીના કામે હાલની દાવો રીસ્ટોર કરવા વિલંબ માફની અરજી ધ્યાને લેતા, સમગ્ર હકીકત ધ્યાને લેતા, મૂળ વાદી નં.૧ નાઓ, તા. ૨૮/૦૨/૨૦૧૩ ના રોજ ગુજરી ગયેલ હોઈ અને, હાલનો દાવો અત્રેની

કોર્ટના મારા પુરોગામી નાયચ્ધીશ શ્રીએ, તા.૩૦/૦૯/૨૦૧૫ અન રોજ વાદી તથા પ્રતિવાદી બન્ને ગેરહાજર હોઈ અને તેઓના વી.વકીલશ્રી દ્વારા પણ કોર્ટમાં હાજર ના હોવાના કારણે દાવો ડીસમીસ કરલે છે. આ તબ્બકે, વાદીઓ દ્વારા દલીલ છે કે, તેઓના મર્હુમ પિતા ગુજરતી ગયેલ હોઈ અને તેઓ ધંધા અર્થે બહાર ગામ ગયેલ હોઈ તેઓને વકીલશ્રી મારફતે પુરાવા પર કેસ ચાલ્યો આવેલ છે અંગે માહિતી અને નામદાર કોર્ટ દ્વારા કોઈ નોટીસ ની બજવણી થયેલ ના હોઈ જેથી, તેઓના વકીલશ્રી સાથે સમ્પર્ક ન હોવાથી તેઓ પુરાવા રજુ કરી શકેલ નહી અને, દાવો રીસ્ટોર કરવા માટે તેઓને, હાલની અરજી કરલે છે. અને કાયદાની જોગવાઈઓ થી અજ્ઞાત હોઈ જેથી હાલનો વિલંબ થયેલ હોવાનું તેઓના વકીલશ્રીની મુખ્ય દલીલ છે.

**૧૩.** પ્લીડિંગસ સાથે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો લક્ષે લેવામાં આવે તો, **IN THE SUPREME COURT OF INDIA CIVIL APPELLATE JURISDICTION SPECIAL LEAVE PETITION (CIVIL) NO. 31248 OF 2018 PATHAPATI SUBBA REDDY (DIED) BY L.Rs. & ORS. V/s. THE SPECIAL DEPUTY COLLECTOR (LA).** The Supreme Court has explained some important points to be kept in mind regarding the law of limitation and condonation of delay.

**(i)** Law of limitation is based upon public policy that there should be an end to litigation by forfeiting the right to remedy rather than the right itself;

**(ii)** A right or the remedy that has not been exercised or availed of for a long time must come to an end or cease to exist after a fixed period of time;

**(iii)** The provisions of the Limitation Act have to be construed differently, such as Section 3 has to be construed in a strict sense whereas Section 5 has to be construed liberally;

**(iv)** In order to advance substantial justice, though liberal approach, justice–oriented approach or cause of substantial justice may be kept in mind but the same cannot be used to defeat the substantial law of limitation contained in Section 3 of the Limitation Act;

**(v)** Courts are empowered to exercise discretion to condone the delay if sufficient cause had been explained, but that exercise of power is discretionary in nature and may not be exercised even if sufficient cause is established for various factors such as, where there is inordinate delay, negligence and want of due diligence;

**(vi)** Merely some persons obtained relief in similar matter, it does not mean that others are also entitled to the same benefit if the court is not satisfied with the cause shown for the delay in filing the appeal;

**(vii)** Merits of the case are not required to be considered in condoning the delay; and

**(viii)** Delay condonation application has to be decided on the parameters laid down for condoning the delay and condoning the delay for the reason that the conditions have been imposed, tantamounts to disregarding the statutory provision.

૧૪. વધુમાં**, નામદાર ગુજરાત હાઈ કોર્ટનો ચુકાદો, LR OF SARDAR HIMMATBHAI KHOKAR** & **ORS. v. LR OF JESANGBHAI AMTHABHAI** & **ORS.** (09–02–2026) **R/SPECIAL CIVIL APPLICATION NO.** 3651 **of** 2022. The High Court **dismissed** the Special Civil Application, affirming the trial court's order rejecting the delay condonation/restoration request. **ઉપરોક્ત ચુકાદામાં નામદાર હાઈ કોર્ટ દ્વારા વિવિધ ચુકાદોમાં**

પ્રસ્થાપિત સિદ્ધાંતો નું માર્ગદર્શક વર્ણન અને અવલોકન કરેલ છે જેમાં, **(A) Aiyubbhai Ajitkhan Sipai v. Kanjibhai Dhanjibhai Ilariya** (2025 (**o**) **AIJEL – HC** – 251786) The petitioners relied on this coordinate bench decision, pressing paragraph 15.1 (which itself reproduces the Supreme Court's classic guidance on delay condonation). In Aiyubbhai Ajitkhan Sipai, the Court condoned delay (one year, six months and five days) in a restoration context, emphasizing substantial justice and pragmatic application of limitation principles. The High Court in the present case **distinguished** it: the reasons in Aiyubbhai Ajitkhan Sipai included **Covid-19** disruption and personal difficulties (illness; service constraints). Here, the petitioners' explanation was principally a **counsel-blame narrative** coupled with their own prolonged inaction and non-disclosure of critical facts (date/source of knowledge). Thus, the precedent did not compel a liberal approach on these facts. **(B)** Collector, Land Acquisition, **Anantnag V/s. MST Katiji** (1987 2 **SCC** 107) Though not a direct citation by the High Court independently, it entered the record through the petitioners' reliance on Aiyubbhai Ajitkhan Sipai. The principles reproduced include: delay should be construed pragmatically; refusal to condone may defeat meritorious matters; substantial justice should prevail; and there is no presumption of deliberate delay. The High Court implicitly accepted the framework—that courts should be justice-oriented in condonation matters—but emphasized that such liberality is conditioned on **bona fides, credible explanation, and litigant diligence**. The judgment demonstrates a common judicial synthesis: Katiji supports liberal interpretation, but does not immunize negligent litigants who

offer incomplete or shifting explanations. **(C) Samusunisha Begaum W/o Dr Nasarullakhan Dhanian v. Vishnukumar Ambelal Patel** (2012(**o**) **aIJEL – HC** 226913) The respondent relied on this decision to stress that:

1. Litigants have a duty to be vigilant; they cannot "go off to sleep" and later attribute delay solely to counsel.
2. The practice of advocates filing affidavits taking blame to enable condonation was criticized and "deprecated."
3. Supervisory jurisdiction under Article 227 can correct arbitrary/illegal exercises of discretion that reward negligent litigants.

While the present judgment did not quote or re-adopt every normative observation from Samusunisha Begaum, its reasoning is aligned: it treats litigant vigilance as central; it rejects unsubstantiated counsel-blame; and it supports a restrained approach to condoning delay where the record demonstrates persistent default. **(D) Salil Dutta Vs. T. M. & M. C. Private Ltd** ((1993) 2 **SCC** 185) **and reference to Rafiq** [**AIR** 1981 **SC** 1400] Quoted through Samusunisha Begaum, Salil Dutta lays down that an advocate is an agent of the party; while courts may in some cases protect an innocent litigant, there is **no absolute rule** allowing a party to disown counsel and always obtain relief. The reference to Rafiq is cautionary: its protective observations cannot be treated as an absolute proposition in all fact situations. The present judgment

resonates with this approach: it accepts that counsel default can be relevant, but holds that here the litigants' own conduct, absence of specifics, and prolonged non-prosecution negate any claim of being "innocent litigants" deserving indulgence.

૧૫. **ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત રેકર્ડ પર ની હકીકતો અને પુરાવા સાથે માર્ગદર્શક સિદ્ધાંતોને અનુ લક્ષીને નામદાર ગુજરાત હોઈ કોર્ટ દ્વારા હાલના ચુકાદામાં માર્ગદર્શક સૂચનો કરલે છે. જે ધ્યાને લેવામાં આવે તો,**

1. The petitioners failed to disclose **the source and date of knowledge** of the dismissal; consequently, the Court drew an inference of knowledge from the date of dismissal.

2. The record showed persistent non-prosecution after issues were framed, despite service of notice and repeated adjournments; thus, the litigants were not bona fide or vigilant.

3. Mere blame on counsel, without substantiation and without prompt remedial steps against the allegedly negligent advocate, did not constitute sufficient cause.

4. In "the modern era," when orders are uploaded on court websites, litigants cannot easily rely on the excuse that they were not apprised of orders.

5. The precedent cited by the petitioners on liberal delay condonation was distinguishable on facts.

**૧૫.** ઉપરોક્ત માર્ગ આદેશાત્મક માર્ગદર્શિકાઓ ને લક્ષે લેતા, અહી નોધવું જરૂરી છે, કે હાલનો દાવો સને ૨૦૦૭ ની સાલનો હોઈ ઉપરાંતનો હોઈ અને, દાવામાં એક થી વધુ વાદીઓ તથા પ્રતિવાદીઓ રહેલ હોઈ, વધુમાં, કેસના મેરીટમાંના જતા માત્ર અહી નોધવું જરૂરી છે કે, વાદીએ તા.૩૦/૦૯/૨૦૧૫ ના રોજ ડીડી થયાની જાણ થતા તેઓએ તેઓના વકીલશ્રી નો સમ્પર્ક કરલે તેવી હકીકત જણાવેલ છે પરંતુ, તેઓને દાવો ડીસમીસ થયાની જાણ કોના માધ્યમ થી કઈ તારીખે થયેલ છે. તે અંગે કોઈ હકીકત તેઓની હાલની વિલંબ માફની અરજીમાં કરલે નથી. વધુમાં, વિલંબનો સમય ૯ વર્ષ ૯ માસ અને ૧૫ દિવસ જેટલો હોઈ આટલો સમય સુંધી અરજદાર કે અન્ય વાદીઓ દ્વારા દાવા ની કાર્યવાહી અંગે કોઈ પ્રયત્નો કરેલ હોઈ અને, વાદી નં. ૧ ગુજરીજતા તેઓ દ્વારા દાવાની કાર્યવાહી તેઓની અન ઉપસ્થિતિમાં તેઓએ તેમના વકીલશ્રી ને સમ્પર્ક કરી માહિતી આપી હોઈ અને દાવો આગળ વાદી નં. ૧, ના વારસો ને રેકર્ડ પર જોડવા કોઈ કાર્યવાહી કેમ કરલે નથી અને, અચાનક ૯ વર્ષ જેટલા લાંબા સમય પછી તેઓએ દાવાની કાર્યવાહી અંગે તેઓના વકીલ સાથે સમ્પર્ક કરી પુછપરછ કરલે છે અને દાવો ડીસમીસ થયેલ હોવાની માહિતી મળતા હાલની અરજી કરેલ છે પરંતુ હકીકતમાં દાવો ડીસમીસ થયાની જાણ તેઓને કઈ તારીખે થયેલ છે તે અંગે તેઓ કોઈ સ્પસ્ટ હકીકત જણાવેલ નથી.

**૧૭.** ઉપરોક્ત હકીકત સાથે વાદી તરફે રજુ થયેલ વિલંબમાફ ના કારણો ધ્યાને લેતા, સાથે ઉપરોક્ત નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો લક્ષે લેતા, અરજદારની અરજી માં જણાવેલ કારણો તથા દાવો સને ૨૦૦૭ ની સાલ થી ચાલતો હોઈ અને વાદીને પોતાના સિવિલ રાઈટ પ્રોટેકટ કરવા અને કેસનો મેરીટ પર નિકાલ કરવા માટે જાગૃત રહેવું જોઈ એ, કાયદો જાગૃત વ્યક્તિને મદદ રૂપ થઇ શકે પરંતુ જેને પોતાના હક્કો પ્રત્યે ઉદાસીનતા દાખવે તેને કાયદો મદદ રૂપ થઇ શકતો નથી. વધુમાં, કાયદાના અજ્ઞાનએ બચાવ માનવા પાત્ર નથી પરંતુ, અરજદારને તક આપવી ઉચિત અને કાયદાસમય જણાતી ના હોઈ જેથી હાલની વિલંબમાફની અરજી લગત અત્રેની કોર્ટને રહેલ વિવેકાધીન

સત્તા ને લક્ષેમાં લેતા, મુદા નં. ૧ અને ૨ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં. ૩ અન્વયેનીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

વાદીની (અરજદાર) તર્ફે, સમય મર્યાદાના કાયદાની કલમ – ૫ હેઠળ વિલંબ માફની અરજી અત્રેની કોર્ટની વિવેકાધની સત્તાને લક્ષે લઇ ન્યાયના હિતમાં રદ્ધ ફરમાવેલ છે.

વિલંબમાફની અરજી રદ્ધ કરેલ હોઈ જેથી મૂળ દાવો રી–સ્ટોર કરવાની અરજી નિર્ણય કરવાનો રહેતો ના હોઈ જેથી તે અરજી પણ હાલના તબ્બકે ન્યાયના હિતમાં રદ્ધ ફરમાવવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ આજ રોજ તા. ૧૧, માર્ચ સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૧/૦૩/૨૦૨૬**
**સ્થળ : ભિલોડા.**

**(આનંદ. એ. દવે)**
**એડી. સિવિલ જજ, ભિલોડા.**
**GJ–૦૧૪૪૨**